

# શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના જિનમંદિરના અંદરનું દૃશ્ય



મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ ભગવાન


# અગાસ આશ્રમના શ્રી જિનમંદિરમાંની પ્રતિમાજીઓનાં દર્શન

શ્રી શીતલનાથ ભગવાન





શ્રી સુવિધિનાથ ભગવાન



શ્રી ઋષભનાથ ભગવાન



"અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભ સ્વામીને નમો નમઃ" – શ્રીમદ્ રાજચંદ્ર

શ્રી શીતલનાથ ભગવાન



# શ્રી જિનદેવ સ્તુતિ સંગ્રહ

## શ્રી ઋષભદેવ પ્રભુની સ્તુતિ

નાભિનંદન નાથ, વિશ્વવંદન વિજ્ઞાની;
ભવબંધનના ફંદ, કરણ ખંડન સુખદાની;
ગ્રન્થ પંથ આદ્યંત, ખંત પ્રેરક ભગવંતા;
અખંડિત અરિહંત, તંતહારક જયવંતા;
શ્રી મરણહરણ તારણતરણ, વિશ્વોદ્ધારણ અઘ હરે;
તે ઋષભદેવ પરમેશપદ, રાયચંદ વંદન કરે.

(શ્રીમદ્ રાજચંદ્ર, પૃષ્ઠ ૧)

## શ્રી સદ્‌ગુરુ ભગવંતની સ્તુતિ

**શાંતિકે સાગર અરુ, નીતિકે નાગર નેક,**
**દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો;**
**શુદ્ધબુદ્ધિ બ્રહ્મચારી, મુખબાની પૂર્ણ પ્યારી,**
**સબનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો;**
**રાગદ્વેષસે રહિત, પરમ પુનિત નિત્ય,**
**ગુનસે ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;**
**રાયચંદ ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ,**
**મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો.**

(શ્રીમદ્ રાજચંદ્ર-તત્ત્વજ્ઞાન, પૃષ્ઠ ૧૪૦)

## શ્રી અરિહંત પ્રભુની સ્તુતિ

**અરિહંત આનંદકારી અપારી,**
**સદા મોક્ષદાતા તથા દિવ્યકારી;**
**વિનંતિ વણિકે વિવેકે વિચારી,**
**વડી વંદના સાથ હે! દુઃખહારી.**

## શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ

**પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને,**
**પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને,**
**નીરાગી મહા શાંત મૂર્તિ તમારી,**
**પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.**

(શ્રીમદ્ રાજચંદ્ર, પૃષ્ઠ ૨૯, ૩૦)

## શ્રી અરિહંત ભગવંતની સ્તુતિ

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન.
અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન.

## શ્રી જિનદેવ સ્તુતિ

લાખો સુર-નર-પશુપંખીને ઉપકારી ભગવાન,
ક્ષુદ્ર સાધન-સામગ્રી મુજ, શું કરી શકું તુજ ગાન?
જય અહો! જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન.

(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૪)



## શ્રી જિનદેવ સ્તુતિ

કોટિ ભવ ભમતાં ના મળિયું આત્મભાવનું ભાન,
પશુ પણ પામી શકે તુજ સમીપે, તેવું ઉત્તમ દાન.

જય અહો ! જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન.

*

અંતરંગ અરિ કામ-ક્રોધ સૌ તજતા નિજ તોફાન,
તુજ સમીપ તે શાંત બનીને, ભૂલે નિજ ગુમાન.

અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન.

(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૪)



## શ્રી જિનદેવ સ્તુતિ

અહિતમાં હિત માની બેઠો, હિતતણું નહીં ભાન,
શાશ્વત્ નિજ સત્તા ના જાણું, અનિત્યનું અભિમાન.
જય દેવ જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

*

દેહ છતાંય વિદેહ દશા તુજ સમજી આવે સાન,
અહો ! સર્વજ્ઞ દશા, વીતરાગી ! તુજ મુજ શક્તિ સમાન.
જય દેવ જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.



(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૫)

## શ્રી જિનદેવ સ્તુતિ

સરસ શાંતિ - સુધારસ - સાગર, ગુણરત્નોની ખાણ,
ભવ્ય જીવ - કમળો વિકસાવો બોધ - કિરણ સહ ભાણ.
જય દેવ જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

*

અતિશયવંતી વાણી અદ્‌ભુત દે તલ્લીનતા - તાન,
દેહાદિ સંસાર ભુલાવી કરે શાંત સૌ પ્રાણ.
જય દેવ જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૫,૬)

## શ્રી જિનદેવ સ્તુતિ

નરદેહ સફળ તવ દર્શન પામ્યે, આપ પરમ હિતધામ,
નહીં ગમે દેવ અન્ય કો કાળે, આપ જ મન વિશ્રામ.

જય દેવ જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

*

પ્રશમરસ - ભરપૂર નયન તુજ, મુખ પણ કમળ સમાન,
સ્ત્રીના સંગરહિત તુજ શોભા, શસ્ત્ર વિના બળવાન.

જય દેવ જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.



(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૬)

## શ્રી જિનદેવ સ્તુતિ

મદન ત્રિલોકજિત તેં જીત્યો ધરી વૈરાગ્ય - કમાન,
અડગ ધ્યાનશ્રેણી - રથ બેઠા, શમ - દમ - શ્રદ્ધા બાણ.

જય દેવ જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

*

મોક્ષમાર્ગ - નાયક, ભેદ્યા તેં કર્મપહાડ પ્રધાન,
વિશ્વતત્ત્વના જ્ઞાતા, વંદું બનવા ગુણ - મણિ - ખાણ.

જય અહો ! જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૬, ૭)

# શ્રી જિનદેવ સ્તુતિ

મંગલમય મંગલકારક તુજ વીતરાગ, વિજ્ઞાન,
અરિહંતાદિક પદનું કારણ, નમું ધરી બહુમાન.

જય અહો! જિનેન્દ્ર મહાન,
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન.

*

તુજ દર્શનની પ્રાપ્તિ મુજને પુણ્યતરુ - ફળ - દાન,
સકળ કર્મમૂળ કાપીને દે મોક્ષ સ્વરૂપ - નિધાન.

જય અહો! જિનેન્દ્ર મહાન,
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન.

(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૭)

## શ્રી જિનદેવ સ્તુતિ

મુજ મોક્ષકાર્યના કારણ ઉત્તમ, તારણતરણ વહાણ,
ચરણ-શરણ, સેવા દઈ સ્વામી, તારો પાપી પહાણ.

જય અહો ! જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

*

અલૌકિક પદ પ્રગટાવ્યું તો આશ કરે નાદાન,
કેવળ કરુણામૂર્તિ, દેજો તમને ઘટતું દાન.

જય અહો ! જિનેન્દ્ર મહાન,
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન.

(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૮)

## શ્રી તીર્થંકરદેવ સ્તુતિ

નમું ભક્તિભાવે, ઋષભ જિન શાંતિ અઘ હરો,
તથા નેમિ પાર્શ્વ, પ્રભુ મમ સદા મંગળ કરો;
મહાવીરસ્વામી, ભુવનપતિ કાપો કુમતિને,
જિના શેષા જે તે, સકલ મુજ આપો સુમતિને.

## શ્રી ચાર શાશ્વત જિનવર સ્તુતિ

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી,
વર્ધમાન જિનવર વળી પ્રણમું, શાશ્વત નામ એ ચારેજી;
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તિણે એ ચારે શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી.

*

## શ્રી નિર્વાણ ભૂમિ સ્તુતિ

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરી વરુ;
વાસુ પૂજ્ય ચંપાનયર સિધ્ધા, નેમ રેવાગિરિ વરુ,
સંમેતશિખરે વીસ જિનવર, મુક્તિ પહોંત્યા મુનિવરુ,
ચૌવીસ જિનવર નિત્ય વંદું, સકલ સંઘને સુખકરુ.

*

અષ્ટાપદ પર આદિજિન એ, પહોત્યા મુક્તિ મોઝાર તો,
વાસુપૂજ્ય ચંપાપુરી એ, નેમ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિર્વાણ તો,
સમેતશિખર વીસ સિધ્ધ હુઆ એ, શિર વહું તેહની આણતો.

*

## શ્રી ઋષભદેવ જિન સ્તુતિ

ત્રાસી લાખ પૂરવ ઘરવાસે, વસિયા પરિકર યુક્તાજી,
જન્મથકી પણ દેવતરુ ફલ, ક્ષીરોદધિ જલ ભોક્તાજી;
મઈ સુય ઓહિ નાણે સંજુત, નયણ વયણ કજ ચંદાજી,
ચાર સહસશું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રી ઋષભ જિણંદાજી.

## શ્રી આદિ જિન સ્તુતિ

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા;
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવળ શ્રી રાયા, મોક્ષ નગરે સિધાવ્યા.

*

## શ્રી સીમંધર ભગવાન સ્તુતિ

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાવજો;
મુજ વિનતડી પ્રેમ ધરીને એણિપરે તુમે સંભળાવજો;
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્રો પાયક છે,
નાણ દરિશણ જેહને ખાયક છે, સુણો ચંદાજી !.....

## શ્રી સકલ અરિહંત પ્રભુની સ્તુતિ

સીમંધર જિનવર, સુખકર સાહેબ દેવ,
અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ;
સકલાગમ પારગ, ગણધરભાષિત વાણી,
જયવંતી આણા જ્ઞાનવિમલ ગુણખાણી.

*

## શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ

જય ! દેવ, અગણિત ગુણ સ્વામી, વીર, મહાવીર સ્વામી જે,
સુરવર પૂજે જેને છતાં પોતે સદા નિષ્કામી છે.
વળી મળી મહાવીરથી શકે સુખ મોક્ષનું માટે નમું,
અતિવીર, મહાવીર, સન્મતિ પ્રભુ - ગુણમાં ભાવે રમું.

## શ્રી મહાવીર પ્રભુ અનેક નામ સ્તુતિ

હે ! ધર્મરાજા, ધર્મચક્રી, ધર્મી, ધર્માત્મા - ગુરુ,
સુધર્મનેતા, ધર્મધોરી, ધર્મકર્તા, જગગુરુ;
હે ધર્મબાંધવ, ધર્મ-ધી, ધર્મજ્ઞ, તીર્થંકર, વિભુ,
હે વિશ્વનાયક, વિશ્વજ્ઞાયક, વિશ્વનાથ, નમું પ્રભુ.

(પ્રજ્ઞાવબોધ, પૃષ્ઠ ૬૭)

## શ્રી જિનરાજ દર્શન સ્તુતિ

**ધન્ય રે દિવસ આ અહો! પ્રભુ દર્શન આજ પમાય રે,**
**સુધર્મ પ્રભાત પ્રગટ થતાં, દુઃખસ્વપ્નની રાત્રિ ગમાય રે.ધ૦**
**તારા દર્શનથી જિનરાજ રે, સર્યાં સર્યાં મારાં સહુ કાજ રે;**
**ભમ્યો અંધ બની ભવ માંહિ રે, કાળ અનંત, પામ્યો ન કાંઈ રે.**

## શ્રી પ્રભુની ભાવપૂજાનો મહિમા

**જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;**
**રાજ નમે પ્રજા નમે, આણ ન લોપે કોય.**
**ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન.**

*

## શ્રી ઋષભદેવ સ્તુતિ

પ્રહ ઊઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઇંદ્ર,
જિનના ગુણ ગાવે, સુરનર-નારીના વૃંદ.

## શ્રી અનેક તીર્થંકર નામ સ્તુતિ

અભિનંદન ચંદન, શીતળ શીતળનાથ,
અરનાથ સુમતિજિન, વાસુપૂજ્ય શિવ સાથ;
ઇત્યાદિક જિનવર, જન્મ - જ્ઞાન - નિરવાણ,
હું બીજતણે દિન, પ્રણમું તે સુવિહાણ.

*

## શ્રી ચોવીસ જિનવર સ્તુતિ

ચોવીસે જિનવર, હું પ્રણમું નિત્ય મેવ,
આઠમ દિન કરીએ, ચંદ્રપ્રભુની સેવ;
મૂર્તિ મનમોહન, જાણે પુનમચંદ,
દીઠે દુઃખ જાયે, પામે પરમાનંદ.

## શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિ

ચંદ્રપ્રભુ મુખ ચંદ્રમા, સખિ જોવા જઈએ,
દ્રવ્ય ભાવ પ્રભુ દર્શને, નિર્મલતા લઈએ;
વાણી સુધારસ વેલડી, સુણીએ તતખેવ,
ભજે ભદંત ભૃકુટિકા, વીરવિજય તે દેવ.

*

## શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ

શાંતિ સુહંકર સાહેબો સંજમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવ પાર ઉતારે;
વિચરંતા અવની તલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે.

## શ્રી મહાવીર ભગવાનની સ્તુતિ

પરિપૂર્ણ, સિદ્ધ, જિનેંદ્ર અનુપમ જ્ઞાન-જ્યોતિ ઝળહળે,
નિર્વાણ-માર્ગ સમાન નિર્મળ, જ્યાં સુરેન્દ્ર-શિરો ઢળે;
સંસારસાગર તારવા સફરી જહાજ સમાન જે,
વ્યાખ્યા સમાધિ-શતકની કરું વીર ગુરુને પ્રણમીને.

(સમાધિશતક વિવેચન પૃષ્ઠ ૭૩)

## શ્રી પ્રભુ દર્શન મહિમા

જે દૃષ્ટિ પ્રભુ દરિશન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીએ મુદા વાણી સુધા, તે કર્ણ યુગલને ધન્ય છે,
તુજ નામ મંત્ર નિર્મળ ધરે, તે હૃદયને પણ ધન્ય છે.

## શ્રી વીતરાગ પ્રભુની સ્તુતિ

હે દેવ તારા દિલમાં, વાત્સલ્યના ઝરણા ભર્યા,
હે નાથ તારા નયનમાં કરુણાતણા અમૃત ભર્યા;
વીતરાગ તારી મીઠી મીઠી, વાણીમાં જાદુ ભર્યા,
તેથી જ તારા ચરણમાં, બાળક બની આવી ચડ્યા.

*

## શ્રી અરિહંત પ્રભુની સ્તુતિ

જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રધ્ધા દિલ મહી કે, નાથ સમ કો છે નહિ,
જેના સહારે કોડ તરિયા, મુક્તિ મુજ નિશ્ચય સહિ,
એવા પ્રભુ અરિહંતને, પંચાગ ભાવે હું નમું.

## શ્રી જિનવાણી મહિમા

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહેચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગૂંથાણી,
ષટ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી.

*

## શ્રી મહાવીર પ્રભુ પ્રતિમા સ્તુતિ

છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી, શ્રી વીર જિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની,
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે,
પામી સઘળા સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે.

## શ્રી પ્રભુ દર્શન સ્તુતિ

આવ્યો શરણે તમારા જિનવર કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મારો તુમ વિણ જગમાં સાર લે કોણ મારી,
ગાયો જિનરાજ આજે હરખ અધિકથી પરમ આનંદકારી,
પાયો તુમ દર્શન નાશે ભવભય ભ્રમણા નાથ સર્વે અમારી.

*

## શ્રી સર્વજ્ઞ પ્રભુ મહિમા સ્તુતિ

મંદિર છો મુક્તિતણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઇન્દ્ર નર ને દેવના, સેવા કરે તારી વિભુ,
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું, ઘણું જીવ તું, ભંડાર જ્ઞાન કળા તણા.

*

ત્રણ જગતના આધારને અવતાર હે કરુણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારના દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં, પણ કહી અને આ હૃદય હું ખાલી કરું.

( રત્નાકર પચ્ચીસી )

## શ્રી પ્રભુ સમક્ષ નિજ દોષ પ્રદર્શન

મેં દાન તો દીધું નહિં, ને શિયળ પણ પાળ્યું નહિં,
તપથી દમી કાયા નહિં, શુભ ભાવ પણ ભાવ્યો નહિં;
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈ પણ પ્રભુ ના કર્યું,
મારું ભ્રમણ ભવસાયરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું !

*

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયા જાળમાં, મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે.

( રત્નાકર પચ્ચીસી )

## શ્રી પ્રભુ સમક્ષ નિજ દોષ પ્રદર્શન

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ;
ભિંજાય નહિં મુજ મન અરેરે ! શું કરું હું તો વિભુ ?
પત્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે.

*

ભમતા મહા ભવસાયરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ કહું છું ખરૂં,
કોની કને કિરતાર આ, પોકાર હું જઈને કરૂં ?



( રત્નાકર પચ્ચીસી )

## શ્રી પ્રભુ સમક્ષ નિજ દોષ પ્રદર્શન

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બ્હારથી, દાંભિક અંદરથી રહું.

*

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુવાણી મેં ધરી, કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કુવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે.

( રત્નાકર પચ્ચીસી )

## શ્રી પ્રભુ સમક્ષ નિજ દોષ પ્રદર્શન

હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે ! આ લક્ષ, ચોરાશી તણા ફેરા ફર્યા.

*

ગુરુ વાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણાં વાક્યો મહીં, શાંતિ મળે ક્યાંથી મને ?
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તુટેલ તળીયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ?

( રત્નાકર પચ્ચીસી )

## શ્રી પ્રભુ સમક્ષ નિજ દોષ પ્રદર્શન

મેં પરભવે નથી પુન્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી !
ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે, ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો.

*

તારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉધ્ધારનારો પ્રભુ,
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતા જડે હે વિભુ !
મુક્તિમંગલસ્થાન ! તોય મુજને ! ઇચ્છા ન મુક્તિ તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી.

( રત્નાકર પચ્ચીસી )

## શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિ જિણંદ તો,
શ્યામ વરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો,
અષ્ટ કરમ હેલે હણીએ, પહોત્યા મુક્તિ મહંત તો.

## શ્રી નેમિનાથ પ્રભુ ઉપદેશ સ્તુતિ

નેમનાથ જ્ઞાની હુવા એ, ભાખે સાર વચન તો,
જીવદયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો;
મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો,
અનંત તીર્થંકર એમ કહે એ, પરહરિએ પરનાર તો.

*

## શ્રી પ્રભુના અનંત ગુણની સ્તુતિ

ગુણ અનંત અપાર, પ્રભુ તોરા ગુણ અનંત અપાર;
સહસ રચના કરત સુર ગુરુ, તોહી ન પાવે પાર.પ્રભુ૦
કૌન અંબર ગિનૈ તારા, મેરૂ ગિરિકો ભાર;
ચરમસાગર લહરિ માલા, કરત કૌન વિચાર.પ્રભુ૦
ભક્તિગુણ લવલેશ ભાખે, સુવિધિ જન સુખકાર;
સમય સુંદર કહત હમકું, શ્વાસ તુમ આધાર.પ્રભુ૦

## શ્રી અનંત સિદ્ધ પરમાત્માની સ્તુતિ

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
જે મુનિવર મુક્તે ગયા, વંદું બે કર જોડ.

*

## શ્રી પંચ પરમેષ્ઠી ભગવાનની સ્તુતિ

મંગલકર અરિહંત પદ, મંગલ સિદ્ધ મહાન;
મંગલકર આચાર્યપદ, મંગલ પાઠક જાણ.
મંગલ મુનિ નિર્ગ્રંથ છે, પંચ પરમ પદ ત્રાણ;
ભક્તિ કરે ગુણ ઉર ધરે, પામે નિજ કલ્યાણ.

## શ્રી વીતરાગ વિજ્ઞાનની સ્તુતિ

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન;
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન.
વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ.

*

## શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ

**જય જય ભવિ હિતકર વીર જિનેશ્વર દેવ;**
**સુરનરના નાયક જેહની સારે સેવ;**
**કરુણા રસ કંદો વંદો આણંદ આણી,**
**ત્રિશલાસુત સુંદર ગુણમણિ કેરો ખાણી.**

## શ્રી પ્રભુ પંચકલ્યાણક મહિમા

**જસ પંચકલ્યાણક દિવસ વિશેષ સુહાવે;**
**થાવર – નારકને પણ તે દિવસે સુખ થાવે;**
**તે ચ્યવન - જન્મ - વ્રત - નાણ અને નિર્વાણ,**
**સવિ જિનવર કેરાં એ પાંચે અહિઠાણ.**



*

## શ્રી સુપાર્શ્વ પ્રભુની સ્તુતિ

અષ્ટ મહા પડિહારશું એ, શોભે સ્વામી સુપાસ તો,
મહાભાગ્ય અરિહા પ્રભુ એ, સુર નર જેહ ના દાસ તો;
ગુણ અતિશય વરણવ્યા એ, આગમ ગ્રંથ મોઝાર તો,
માતંગ શાંતા સુર સુરી એ, વીર વિઘન અપહાર તો.

## શ્રી જિન શાસનની સ્તુતિ

જયવંત જિન શાસન થજો જે દુઃખ નાશન નિત્ય છે,
જ્ઞાન ને આનંદના વિલાસની સંપત્તિ તે;
મંગલ મહાવીર દેવ છે, મંગલ શ્રીમદ્ ગૌતમ ગુરુ,
મંગલ સ્વરૂપ બહુ શ્રુતજ્ઞાની, જૈન ધર્મ મંગલ પૂરૂ.

*

(હરિગીત)

જે ધન્ય છે તેને જ તારું દિવ્યદર્શન સાંપડે,
જે પુણ્યહીન અભાગિયાની નજરમાં તું ના પડે;
તેનો જનમ નિષ્ફળ ગયો જેણે નિહાળ્યો ના તને,
પણ ભક્તિભાવથી જો જુએ તો મોક્ષનું કારણ બને.

(ભવોભવે જિન શાસન પ્રાપ્ત થજો)

અતિ મૂઢને અજ્ઞાનથી પરિપૂર્ણ છુ તોયે વિભો!
બહુ ભક્તિ ભાવે આપની સ્તવના કરી છે મેં પ્રભો!
તો ત્રિજગવંદન નાભિનંદન એટલી કરજો હવે,
કરુણા તમારું દિવ્ય શાસન પ્રાપ્ત થાય ભવોભવે.

*

# શ્રી વર્તમાન તીર્થંકર ભગવાનની સ્તુતિઓ

## (૧) શ્રી ઋષભદેવ ભગવાન

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત,
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે; ભાંગે સાદિ અનંત.
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.

## શ્રી ઋષભદેવ ભગવાન

જગજીવન જગ વાલહો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઊપજે, દરિશન અતિ હી આનંદ લાલ રે.
જગજીવન જગ વાલહો.

## (૨) શ્રી અજિતનાથ ભગવાન

જ્ઞાનાદિક ગુણસંપદા રે, તુજ અનંત અપાર;
તે સાંભળતાં ઊપની રે, રુચિ તેણે પાર ઉતાર.
અજિત જિન તારજો રે, તારજો દીનદયાળ,
અજિત જિન તારજો રે.

## (૩) શ્રી સંભવનાથ ભગવાન

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઈ મીઠું;
છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું જે સહુએ દીઠું.
પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જિનજી મુજને.

*

## (૪) શ્રી અભિનંદન ભગવાન

**અભિનંદન જિન ! દરિશણ તરસીએ, દરિશણ દુર્લભ દેવ;**
**મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.**
**અભિનંદન જિન ! દરિશણ તરસીએ.**

### શ્રી અભિનંદન ભગવાન

**દીઠી હો પ્રભુ, દીઠી જગગુરુ તુજ,**
**મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી;**
**મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણ,**
**લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી.**

*

## (૫) શ્રી સુમતિનાથ ભગવાન

**સુમતિચરણકજ આતમ અરપણા,**
**દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની;**
**મતિતરપણ બહુ સમ્મત જાણીએ,**
**પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની.સુ૰**

## (૬) શ્રી પદ્મપ્રભ ભગવાન

**પદ્મપ્રભ-જિન, તુજ-મુજ આંતરુ રે, કિમ ભાંજે ભગવંત ?**
**કર્મ વિપાકે હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત.**
**પદ્મપ્રભ જિન, તુજ-મુજ આંતરુ રે.**

*

## (૭) શ્રી સુપાર્શ્વનાથ ભગવાન

**શ્રી સુપાસ જિન વંદીએ, સુખ સંપત્તિનો હેતુ લલના,**
**શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ લલના.**
**શ્રી સુપાસ જિન વંદીએ.**

(રાગ ધન્યાશ્રી)

**શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી,**
**જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો. જિ૦શ્રી૦**
**સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો, જિ૦**
**કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. જિ૦શ્રી૦**

*

## (૮) શ્રી ચંદ્રપ્રભ ભગવાન

દેખણ દે રે સખી, મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ, સખી૦
ઉપશમ રસનો કંદ સખી૦ સેવે સુર નર ઇંદ સખી૦
ગત કલિમલ દુઃખ દ્વંદ્વ. સખી મુને દેખણ દે.

## (૯) શ્રી સુવિધિનાથ ભગવાન

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે.
સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે.

*



## (૯) શ્રી સુવિધિનાથ ભગવાન

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ તુમને દિલમાં લાવું રે;
કુણને એ દીજે સાબાશી રે?
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. લઘુ૦

## (૧૦) શ્રી શીતલનાથ ભગવાન

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિય ન જાયજી;
અનંતતા નિર્મલતા પૂર્ણતા,
જ્ઞાન વિના ન જણાયજી.
શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિય ન જાયજી.

*

## (૧૦) શ્રી શીતલનાથ ભગવાન

શ્રી શીતલજિન ભેટિયે, કરી ભક્તે ચોખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો. શ્રી૦
દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજસ્વરૂપ હો. શ્રી૦

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ ભગવાન

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે.
શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે.

*

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ ભગવાન

**શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્‌ભુત સહજાનંદ રે;**
**ગુણ એકવિધ ત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે.**
**મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે,**
**નિત્ય દીપતો સુખકંદ રે.**

*

**તુમે બહુ મૈત્રી રે સાહેબા, મારે તો મન એક;**
**તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.**
**શ્રી શ્રેયાંસ કૃપા કરો.**

*

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ ભગવાન

શ્રી શ્રેયાંસ જિન સુણો સાહિબા રે જિનજી!
દાસતણી અરદાસ દિલડે વસી રહ્યો;
દૂર રહ્યા જાણું નહિ રે, જિ૰ પ્રભુ તુ મારે પાસ. દિ૰

## (૧૨) શ્રી વાસુપૂજ્ય ભગવાન

પૂજના તો કીજે રે બારમા જિનતણી રે,
જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ;
પરકૃત પૂજા રે જે ઇચ્છે નહીં રે, સાધક કારજ દાવ.
પૂજના તો કીજે રે બારમા જિનતણી રે.

*

## (૧૨) શ્રી વાસુપૂજ્ય ભગવાન

સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા.
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મનઘરમાં ધરશું.
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા.

## (૧૩) શ્રી વિમલનાથ ભગવાન

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન-સંગાજી;
એવા પ્રભુનું દરિશણ લેવું, તે આળસમાં ગંગાજી.
સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન-સંગાજી.

*

## (૧૩) શ્રી વિમલનાથ ભગવાન

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ,
ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ,
વિમલ જિન, દીઠાં લોયણ આજ,
મારાં સીધ્યાં વાંછિત કાજ. વિ૦

## (૧૪) શ્રી અનંતનાથ ભગવાન

મૂરતિ હો પ્રભુ, મૂરતિ અનંત જિણંદ,
તાહરી હો પ્રભુ, તાહરી મુજ નયણે વસીજી,
સમતા હો પ્રભુ, સમતા રસનો કંદ,
સહેજે હો પ્રભુ, સહેજે અનુભવ રસ લસીજી.

*

## (૧૪) શ્રી અનંતનાથ ભગવાન

અનંત જિણંદ અવધારીએ, સેવકની અરદાસ; જિનજી;
અનંત અનંત ગુણ તુમ તણા, સાંભરે સાસોસાસ. જિ૦અ૦
સુરમણિ સમ તુમ સેવના, પામીએ પુન્ય પંડૂર; જિ૦
કિમ પ્રમાદતણે વશે, મૂકું અધખીણ દૂર. જિ૦અ૦

## (૧૫) શ્રી ધર્મનાથ ભગવાન

ધર્મ જિનેસર ગાઉં રંગશું,
ભંગ મ પડશો હો પ્રીત જિનેસર;
બીજો મનમંદિર આણું નહીં,
એ અમ કુલવટ રીત જિનેસર.ધ૦

*

## (૧૬) શ્રી શાંતિનાથ ભગવાન

શાંતિ જિન, એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે.
શાંતિ જિન, એક મુજ વિનતિ.

*

શાંતિજિણંદ મહારાજ, જગતગુરુ, શાંતિજિણંદ મહારાજ;
અચિરાનંદન ભવિમનરંજન, ગુણનિધિ ગરીબનિવાજ. જ૦
કરુણાનિધિ ભગવાન કૃપા કર, અનુભવ ઉદિત આવાસ;
રૂપ વિબુધનો મોહન પભણે, દીજે જ્ઞાનવિલાસ. જ૦

*

## (૧૭) શ્રી કુંથુનાથ ભગવાન

સમવસરણ બેસી કરી રે, બારહ પરિષદ્‌માંહે;
વસ્તુસ્વરૂપ પ્રકાશતા રે, કરુણાકર જગનાહો રે;
કુંથુ જિનેસરુ રે.
નિર્મલ તુજ મુખ વાણી રે, જે શ્રવણે સુણે રે,
તેહિ જ ગુણમણિ ખાણી રે, કુંથુ જિનેસરુ રે.

## શ્રી કુંથુનાથ ભગવાન

કુંથુજિણંદ કરુણા કરો, જાણી પોતાનો દાસ, સાહિબા મોરા,
શું જાણી અલગા રહ્યા ? જાણ્યું કે આવશે પાસ, સાહિબા મોરા;
અજબ રંગીલા પ્યારા, અકળ અલક્ષ્મી ન્યારા,
પરમ સસનેહી માહરી વિનતિ.



*

## (૧૮) શ્રી અરનાથ ભગવાન

શ્રી અરજિન ભવજલનો તારુ,
મુજ મન લાગે વારુ રે; મનમોહન સ્વામી.
બાંહ્ય ગ્રહી એ ભવજલ તારે,
આણે શિવપુર આરે રે. મનમોહન સ્વામી.

## (૧૯) શ્રી મલ્લિનાથ ભગવાન

સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન,
એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ,
તેહને મૂલ નિવારી હો મલ્લિજિન,
એહ અબ શોભા સારી.

*

## (૨૦) શ્રી મુનિસુવ્રત ભગવાન

હો પ્રભુ મુજ પ્યારા, ન્યારા થયા કેઈ રીત જો,
ઓળગુઆને આલાલુંબન તાહરો રે લો;
હો પ્રભુ મુજ પ્યારા ભક્તવચ્છલ ભગવંત જો,
આઈ વસો મન મંદિર સાહિબ માહરે રે લો.

## (૨૧) શ્રી નમિનાથ ભગવાન

શ્રી નમિજિનની સેવા કરતાં,
અલિય વિઘન સવિ દૂર નાસેજી;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા,
આવે બહુ મહમૂર પાસેજી. શ્રી૦

*

## (૨૨) શ્રી નેમિનાથ ભગવાન

નેમિ જિણેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી;
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી.
નેમિ જિણેસર નિજ કારજ કર્યું.

## (૨૩) શ્રી પાર્શ્વનાથ ભગવાન

વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા,
નાંહી કીજે હો નયણથકી ક્ષણ ન્યારા.
પુરિસાદાણી શામળ વરણો, શુદ્ધ સમકિતને ભાસે;
શુદ્ધ પુંજ જિણે કીધો તેહને, ઉજ્જ્વળ વરણ પ્રકાશે.
વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા...

*

## (૨૪) શ્રી મહાવીર ભગવાન

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું  રે,
મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું,
જીત નગારું વાગ્યું  રે;
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું  રે.

## શ્રી મહાવીર ભગવાન

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીન પર દયા કીજે. તા૦

*

## (૨૪) શ્રી મહાવીર ભગવાન

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. ગિ૰
તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૰

## શ્રી મહાવીર ભગવાન

દુર્લભ ભવ લહી દોહિલો રે,
કહો તરીએ કવણ ઉપાય રે; પ્રભુજીને વીનવું રે;
સમકિત સાચા સાચવું રે, વાલા તે કરણી કિમ થાય રે. પ્ર૰

*

# શ્રી વીશ વિહરમાન જિન આદિની સ્તુતિઓ

## શ્રી સીમંધર જિન સ્તવન

શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધધર્મ પ્રગટ્યો જે તુમચો, પ્રગટો તેહ અમારો રે.
સ્વામી, વીનવીએ મન રંગે.

## શ્રી ઋષભ જિન સ્તવન

ઋષભ જિનંદા, ઋષભ જિનંદા, તું સાહિબ હું છું તુજ બંદા;
તુજશું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશું રહ્યું માચી.
ઋષભ જિનંદા, ઋષભ જિનંદા, તું સાહિબ હું છું તુજ બંદા.

*

## શ્રી યુગમંધર જિન સ્તવન

**શ્રી યુગમંધર વીનવું રે,**
**વિનતડી અવધાર રે, દયાલરાય,**
**એ પરપરિણતિ રંગથી રે,**
**મુજને નાથ ઉગાર રે. દયાલરાય;**
**શ્રી યુગમંધર વીનવું રે.**

## શ્રી બાહુજિન સ્તવન

**બાહુજિણંદ દયામયી, વર્તમાન ભગવાન; પ્રભુજી,**
**મહાવિદેહે વિચરતા, કેવલ જ્ઞાન નિધાન. પ્રભુજી;**
**બાહુજિણંદ દયામયી.**

*

## શ્રી સુબાહુ જિન સ્તવન

**શ્રી સુબાહુજિન અંતરજામી,**
**મુજ મનનો વિશરામી રે, પ્રભુ અંતરજામી.**
**આતમ ધર્મ તણો આરામી,**
**પરપરિણતિ નિષ્કામી રે. પ્રભુ અંતરજામી.**

## શ્રી સુજાત જિન સ્તવન

**સ્વામી સુજાત સુહાયા,**
**દીઠા આણંદ ઉપાયા રે; મનમોહના જિનરાયા.**
**જિણે પૂરણ તત્ત્વ નિપાયા,**
**દ્રવ્યાસ્તિક નય ઠહરાયા રે. મનમોહના જિનરાયા.**

*

## શ્રી સર્વાનુભૂતિ જિન સ્તવન

જગતારક પ્રભુ વીનવું,
વિનતડી અવધાર રે;
તુજ દરિશણ વિણ હું ભમ્યો,
કાળ અનંત અપાર રે.
જગતારક પ્રભુ વીનવું.

## શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

શ્રી સુપાર્શ્વ જિનરાજનો રે, મુખ દીઠે સુખ હોઈ રે;
માનું સકળ પદ મેં લહ્યાં રે, જો તું નેહનજર ભરી જોઈ,
એ પ્રભુ પ્યારો રે, મારા ચિત્તનો ઠારણહાર મોહનગારો રે.

*

## શ્રી દત્તપ્રભુ સ્તવન

જિન સેવનથેં પાઈએ હો, શુદ્ધાતમ મકરંદ, લલના;
તત્ત્વપ્રતીત વસંતઋતુ પ્રગટી, ગઈ શિશિર કુપ્રતીત લલના.
દુરમતિ રજની લઘુ ભઈ હો, સદ્બોધ દિવસ વદીત. લ૰
જિન સેવનથેં પાઈએ હો.

## શ્રી દામોદર જિન સ્તવન

સુપ્રતીતે હો કરી થિર ઉપયોગ કે, દામોદર જિન વંદીએ,
અનાદિની હો જે મિથ્યા ભ્રાંતિ કે, તેહ સર્વથા છંડીએ;
અવિરતિ હો જે પરિણતિ દુષ્ટ કે, ટાળી થિરતા સાધીએ,
કષાયની હો કશ્મલતા કાપી કે, વર સમતા આરાધીએ.

*

## શ્રી વિશાલ જિન સ્તવન

દેવ વિશાલ જિણંદની, તમે ધ્યાવો તત્ત્વસમાધિ રે,
ચિદાનંદ રસ અનુભવી, સહજ અકૃત નિરુપાધિ રે,
સહજ અકૃત નિરુપાધિ રે અરિહંતપદ વંદિયે ગુણવંત રે;
ગુણવંત અનંત મહંત સ્તવો, ભવતારણો ભગવંત રે.

## શ્રી વજ્રંધર જિન સ્તવન

વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ,
જગતારક જગનાથ, અછો ત્રિભુવનપતિ;
ભાસક લોકાલોક, તિણે જાણો છતિ,
તો પણ વીતક વાત, કહું છું તુજ પ્રતિ.



*

## શ્રી ચંદ્રાનન જિન સ્તવન

ચંદ્રાનન જિન, ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ રે;
મુજ સેવક ભણી, છે પ્રભુનો વિશ્વાસો રે. ચં૦
ભરતક્ષેત્ર માનવપણો રે, લાધો દુઃષમ કાલ;
જિન પૂરવધર વિરહથી રે, દુલહો સાધન ચાલો રે. ચં૦

*

દીઠો દરિશણ શ્રી પ્રભુજીનો, સાચે રાગે મનશું ભીનો;
જસુ રાગે નીરાગી થાયે, તેહની ભક્તિ કોને ન સુહાયે.
તેહની ભક્તિ ભવભય ભાંજે, નિર્ગુણ પિણ ગુણશક્તિ ગાજે;
દાસભાવ પ્રભુતાને આપે, અંતરંગ કળિમળ સવિ કાપે.

*

## શ્રી વિમલ જિન સ્તવન

વિમલનાથ મુજ મન વસે,
જિમ સીતા મન રામ, લલના;
પિક વંછે સહકારને,
પંથી મન જિમ ધામ; લલના. વિ૦

## શ્રી ભુજંગ સ્વામી જિન સ્તવન

પુષ્કલાવઈ વિજયે હો કે વિચરે તીર્થપતિ,
પ્રભુચરણને સેવે હો, કે સુર નર અસુરપતિ;
જસુ ગુણ પ્રગટ્યા હો, કે સર્વ પ્રદેશમાં,
આતમ ગુણની હો, કે વિકસી અનંત રમા.

*

## શ્રી અનંતજિન સ્તવન

શ્રી અનંતજિન સેવિયે રે લાલ, મોહનવલ્લીકંદ મનમોહના,
જે સેવ્યો શિવસુખ દિયે રે લાલ, ટાળે ભવભય ફંદ. મ૦ શ્રી૦
ગુણ સઘળા અંગે વસ્યા રે લાલ, દોષ ગયા સવિ દૂર; મ૦
વાચક યશ કહે સુખ લહું રે લાલ, દેખી પ્રભુ મુખનૂર. મ૦ શ્રી૦

## શ્રી આસ્તાગ જિન સ્તવન

કરો સાચા રંગ જિનેશ્વરુ,
સંસાર વિરંગ સહુ અન્ય રે;
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધી કદન્ન રે.
કરો સાચા રંગ જિનેશ્વરુ.

*

## શ્રી નમિશ્વર જિન સ્તવન

જગત દિવાકર શ્રી નમિશ્વર સ્વામ જો,
તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો;
જાગ્યો સમ્યગ્જ્ઞાન સુધારસ ધામ જો,
છાંડી દુર્જય મિથ્યા નીંદ પ્રમાદની રે લો.

## શ્રી કુંથુનાથ જિન સ્તવન

સુખદાયક સાહિબ સાંભળો, મુજને તુજશું અતિ રંગ રે;
તુમે તો નીરાગી હુઈ રહ્યા, એ શો એકંગો ઢંગ રે. સુ૦
તુમ ચિત્તમાં વસવું મુજ ઘણું, તે તો ઉંબરફૂલ સમાન રે;
મુજ ચિત્તમાં વસો જો તુમે, તો પામ્યા નવે નિધાન રે. સુ૦

*

## શ્રી અનિલ જિન સ્તવન

સ્વારથ વિણ ઉપગારતા રે, અદ્‌ભુત અતિશય રિદ્ધિ;
આત્મસ્વરૂપ પ્રકાશતા રે, પૂરણ સહજ સમૃદ્ધિ,
અનિલ જિન સેવીએ રે.
નાથ તુમ્હારી જોડી, ન કો ત્રિહુ લોકમેં રે,
પ્રભુજી પરમ આધાર, અછો ભવિ થોકને રે.

## શ્રી યશોધર જિન સ્તવન

વદન પર વારી હો યશોધર, વદન પર વારી,
મોહરહિત મોહનજયાકો, ઉપશમ રસ ક્યારી.
હો યશોધર, વદન પર વારી.

*

## શ્રી દેવજશા જિન સ્તવન

દેવજશા દરિશણ કરો, વિઘટે મોહ વિભાવ લાલ રે;
પ્રગટે શુદ્ધ સ્વભાવતા, આનંદ લહરી દાવ લાલ રે.
દેવજશા દરિશણ કરો.

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન

મલ્લિ જિણેસર મુજને તુમે મિલ્યા, જેહ માંહી સુખકંદ વાલ્હેસર;
તે કળિયુગ અમે ગિરુઓ લેખવું, નવિ બીજા યુગવૃંદ.વા૦મ૦
પંચમ આરે રે તુમ્હ મેલાવડે, રૂડો રાખ્યો રે રંગ; વા૦
ચોથો આરો રે ફિરિ આવ્યો ગણું, વાચક યશ કહે ચંગ. વા૦મ૦

*

## શ્રી કૃતાર્થ જિન સ્તવન

સેવા સારજ્યો જિનની મન સાચે, પણ મત માગો ભાઈ; સે૦
મહિનતનો ફળ માગી લેતાં, દાસ ભાવ સવિ જાઈ. સે૦
ભક્તિ નહીં તે તો ભાડાયત, જે સેવાફળ જાચે;
દાસ તિકે જે ઘન ભરી નીરખી, કેકીની પરે નાચે. સે૦

## શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા;
ભાગી તે ભાવટ ભવ તણી, દિવસ દુરિતના નીઠા.
આજ સફળ દિન મુજ તણો.

*

## શ્રી મહાવીર જિન સ્તવન

દુઃખ ટળિયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાં રે,
ભેટ્યા ભેટ્યા વીરજિણંદ રે;
હવે મુજ મનમંદિરમાં પ્રભુ આવી વસો રે,
પામું પામું પરમાનંદ રે. દુ૦

## શ્રી ઋષભ જિન સ્તવન

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,
ગુણનીલો જેણે તું નયણ દીઠો;
દુઃખ ટળ્યાં સુખ મિલ્યાં, સ્વામી ! તું નીરખતાં,
સુકૃત સંચય હુવો, પાપ નીઠો. ઋ૦

*

## શ્રી ઋષભદેવ જિન સ્તવન

**ઋષભદેવ હિતકારી, જગતગુરુ, ઋષભદેવ હિતકારી;**
**પ્રથમ તીર્થંકર પ્રથમ નરેશ્વર, પ્રથમ યતિ બ્રહ્મચારી,**
**જગતગુરુ, ઋષભદેવ હિતકારી.**

## શ્રી સુમતિનાથ જિન સ્તવન

**સુમતિનાથ સાચા હો. (ટેર)**
**પરિ પરિ પરખતહી ભયા, જૈસા હીરા જાચા હો;**
**ઔર દેવ સવિ પરિહર્યા, મેં જાણી કાચા હો. સુ૦**
**તેરી ક્રિયા હૈ ખરી, જૈસી તુજ વાચા હો;**
**ઔર દેવ સબ મોહે ભર્યા, સવિ મિથ્યા માચ્યા હો. સુ૦**

*

## શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

ઐસે સ્વામી સુપાર્શ્વસેં દિલ લગા,
દુઃખ ભગા, સુખ જગા જગતારણા—ઐસે૦
રાજહંસકું માનસરોવર, રેવા જલ જ્યું વારણા;
ખીર સિંધુ જ્યું હરિકું પ્યારો, જ્ઞાનીકું તત્ત્વવિચારણા. ઐ૦

## શ્રી સુવિધિ જિન સ્તવન

મેં કીનો નહીં તુમ બિન ઓરશું રાગ;
દિન દિન વાન ચઢત ગુણ તેરો, જ્યું કંચન પરભાગ;
ઓરનમેં હે કષાયકી કાલિમા, સો ક્યું સેવા લાગ.
મેં કીનો નહીં તુમ બિન ઓરશું રાગ;



*

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, (ટેર)
વિસર ગઈ દુવિધા તન મનકી, અચિરાસુત ગુણ ગાનમેં.હ૦
હરિ હર બ્રહ્મ પુરંદરકી રિદ્ધ, આવત નહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા રસકે પાનમેં.હ૦

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

મેરે સાહેબ તુમ હી હો, પ્રભુ પાસ જિણંદા!
ખિજમતગાર ગરીબ હૂં, મેં તેરા બંદા. મે૦
દૂર કરો દાદા પાસજી! ભવ દુઃખકા ફંદા;
વાચક જશ કહે દાસકૂં, દિયો પરમાનંદા. મે૦

*

## શ્રી પ્રભુ સમક્ષ નિજ ભવભ્રમણ વર્ણન

સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી,
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તુમારી;
નરય નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમિયો,
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહોનિશ ક્રોધે ધમધમિયો. સા૦

*

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો,
તુમ વિના કોણ દિયે રે, બોધિરયણ મુજ બળિયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વીનવે રે, સુણજો દેવાધિદેવા. સા૦

*

## શ્રી પારસનાથ જિન સ્તવન

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે;
મન મોહના જિનરાયા, સુર નર કિન્નર ગુણ ગાયા રે; મ૦
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા નીઠી રે.
મન મોહના જિનરાયા.

## શ્રી પરમાત્માની સ્તવના

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિધ્યાં સઘળાં કાજ નમો.અ૦
તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ, તું હી કૃપારસ સિંધુ નમો.અ૦

*

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

મુજને દાસ ગણીજે રાજ, પાર્શ્વજી! અર્જ સુણીજે;
અવસર આજ પૂરીજે રાજ, પાર્શ્વજી! અર્જ સુણીજે.
વામાનંદન તું આનંદન, ચંદન શીતલ ભાવે;
દુ:ખનિકંદન ગુણે અભિનંદન, કીજે વંદન ભાવે રાજ.પા૦

## શ્રી પ્રભુદર્શન મહિમા

પ્રભુદર્શન સુખ સંપદા, પ્રભુદર્શન નવનિધિ;
પ્રભુદર્શનસેં પામીયે, સકલ મનોરથ - સિદ્ધિ.
ત્વં માતા ત્વં પિતા ચૈવ, ત્વં ગુરુસ્ત્વં બાંધવઃ
ત્વમેકઃ શરણં સ્વામિન્, જીવિતં જીવિતેશ્વરઃ

*



# શ્રી જિનવરદેવની સંસ્કૃતમાં સ્તુતિઓ



## શ્રી વીતરાગ પ્રભુની સ્તુતિ

પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નમ્,
વદનકમલમંકઃ કામિનીસંગશૂન્યઃ
કરયુગમપિ યત્તે શસ્ત્રસંબંધવન્ધ્યમ્,
તદસિ જગતિ દેવો વીતરાગસ્ત્વમેવ.

## શ્રી પંચપરમેષ્ઠી ભગવંતની સ્તુતિ

અર્હન્તો ભગવંત ઇંદ્રમહિતાઃ સિધ્ધાશ્ચ સિધ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રીસિધ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ
પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલમ્.

*

## શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ

કલ્લાણ-કંદં પઢમં જિણિંદં,
સંતિં તઓ નેમિજિણં મુણિંદં;
પાસં પયાસં સુગુણિક્ક-ઠાણં,
ભત્તિઇ વંદે સિરિવદ્ધમાણં.

*

સંસાર દાવાનલ દાહ નીરં;
સંમોહ ધૂલી હરણે સમીરં,
માયારસા દારણ સાર સીરં,
નમામિ વીરં ગિરિ સાર ધીરં.

*

## શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ

સરસ શાંતિસુધારસસાગરમ્,
શુચિતરમ્ ગુણરત્નમહાગરમ્
ભવિપંકજબોધિદિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્.

## શ્રી વીતરાગ પ્રભુ શરણ મહિમા

અન્યથા શરણમ્ નાસ્તિ, ત્વમેક શરણમ્ મમ,
તસ્માત્ કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર.
નહિ ત્રાતા નહિ ત્રાતા, નહિ ત્રાતા જગત્ત્રયે;
વીતરાગાત્ પરો દેવો ન ભૂતો ન ભવિષ્યતિ.



*

## શ્રી પાર્શ્વપ્રભુની સ્તુતિ

કમઠે ધરણેંદ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ;
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ.

## (વિશ્વતત્ત્વના જ્ઞાતા)

મોક્ષમાર્ગસ્ય નેતારમ્, ભેત્તારમ્ કર્મભૂભૃતામ્,
જ્ઞાતારં વિશ્વતત્ત્વાનામ્, વન્દે તદ્ગુણ લબ્ધયે.

## શ્રી જિન ચરણકમલનો મહિમા

અનંતાનંત સંસાર - સંતતિ છેદ કારણમ્;
જિનરાજ પદાંભોજ સ્મરણં શરણં મમ.

*


## શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ

**જગત દિવાકર જગત કૃપાનિધિ,**
**વાહલા મારા સમવસરણમાં બેઠા રે;**
**ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે;**
**ભવિક જન હરખો રે, નીરખી શાંતિ જિણંદ ભવિક૦**
**ઉપશમ રસનો કંદ, નહીં ઇણ સરિખો રે.**

## શ્રી વીતરાગ પ્રભુ દર્શન મહિમા

**દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,**
**દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનમ્.**

*


મહાવીર ભગવાનનું સમવસરણ

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસનો પ્રથમ પ્રવેશદ્વાર




પ્રકાશક તથા સંપાદક – પારસભાઈ જૈન, મો. ૯૮ ૯૮ ૯૮ ૧૬ ૪૪